ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ૧ (પા.ફા.૧)
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૫/૧૧/૨૦૨૦

પ્રતિ,
નિયામકશ્રી (આઈસીડીએસ),
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,
૨૦, ડૉ. જિવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય: આંગણવાડી કાર્યકરને નામનિયુક્તિથી મુખ્યસેવિકાના સંવર્ગમાં નિમણૂક આપવા અંગે માર્ગદર્શન આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપની કચેરીના તા.૦૮/૧૦/૨૦૨૦ના પત્રથી આંગણવાડી કાર્યકરને નામનિયુક્તિથી મુખ્યસેવિકાના સંવર્ગમાં નિમણૂક આપવા અંગેની કાર્યપ્રણાલી નક્કી કરવા બાબતનો વિભાગનો તા.૧૩/૧૨/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૦૪/૬૧૫/બ હાલ અમલમાં છે કે કેમ એ અંગે માર્ગદર્શન માંગેલ હતું.

મુખ્યસેવિકા વર્ગ-૩ (પંચાયત સેવા) ભરતી નિયમો, ૨૦૦૪ અન્વયે વિભાગના તા.૧૩/૧૨/૨૦૦૫ના ઠરાવથી નામનિયુક્તિની કાર્યપ્રણાલી નિયત કરવામાં આવેલ હતી. પંચાયત વિભાગ દ્વારા ઉક્ત ભરતી નિયમો રદ કરીને મુખ્યસેવિકા વર્ગ-૩ (પંચાયત સેવા) ભરતી નિયમો, ૨૦૧૩ બહાર પાડેલ છે, જે હાલ અમલમાં છે.

વિભાગના તા.૧૩/૧૨/૨૦૦૫ના ઠરાવથી નિયત થયેલ આંગણવાડી કાર્યકરમાંથી મુખ્યસેવિકાના સંવર્ગમાં નોમિનેશનથી નિમણૂક આપવાની કાર્યપ્રણાલી અને મુખ્યસેવિકા વર્ગ-૩

(પંચાયત સેવા) ભરતી નિયમો, ૨૦૧૩ની જોગવાઈઓમાં કોઈ વિસંગતતા ન હોવાથી વિભાગના તા.૧૩/૧૨/૨૦૦૫ના ઠરાવથી નિયત થયેલ નોમીનેશનની કાર્યપ્રણાલી અન્ય કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી અનુસરવાની રહે, જે ધ્યાને લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ગોપાલસિંહ યાદવ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના:

પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, કચ્છ-ભુજ.